
# પટેલોનું પ્રસ્થાન (2)

**અમેરિકા વિઝા ગાઈડ**

★ ડૉ. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)




એક જોક છે કે 'બાળક જન્મે ત્યારે શરૂઆતમાં શું કહે છે?' તો બધા કહે કે બાળક જન્મતાની સાથે જ 'ઉંઆ ઉંઆ' કરે છે. ત્યારે કોઈકે કીધું ના, પટેલનું બાળક જન્મેને ત્યારે એ 'વિઝા વિઝા' કહે છે.' આમ પટેલોની પરદેશ જવાની અને એમાં પણ અમેરિકા જવાની ઘેલછા હદ વગરની છે. એની પાછળ અનેક કારણો છે. સૌથી મોટું કારણ એ છે કે ત્યાં જઈને જે પટેલો વસ્યા છે એ લોકો પાછા જ્યારે ભારત આવે ત્યારે અમેરિકાની સુખ-સાહ્યબી એ લોકો પ્રદર્શિત કરે છે. એ જોઈને બીજા પટેલો અમેરિકા જવા આકર્ષિત થાય છે.

અમેરિકાએ શિક્ષણની બાબતમાં ઈંગ્લેન્ડની ઓક્સફર્ડ અને કેમ્બ્રિજને બાજુએ મૂકી દીધી છે. અમેરિકાની હાર્વર્ડ અને સ્ટેનફર્ડે વિશ્વમાં પ્રથમ સ્થાન લીધું છે. અમેરિકામાં અફાટ ખેતરો છે, એના પેટાળમાં પુષ્કળ ખનીજો છે, ભણેલા-ગણેલા હોંશિયાર લોકો અમેરિકા જઈને વસે છે. આથી અમેરિકાની દિવસે દિવસે પ્રગતિ જ થતી જાય છે. એટલે આજે અમેરિકા વિશ્વનો નંબર વન દેશ ગણાય છે. આજે એક ડોલરના 90 રૂપિયા મળે છે. એટલે કે તમારા 1 ના 90 થાય છે. આ કારણસર પણ પટેલો અમેરિકા પ્રત્યે આકર્ષાય છે.

બીજું કારણ એ છે કે પટેલોમાં ખૂબ જ સંપ છે. એક પટેલ અમેરિકા જાય એટલે એના કુટુંબીજનોને એ અમેરિકા આવવાની સુવિધા કરી આપે છે. એ લોકો માટે પિટિશનો દાખલ કરે છે. એ લોકોને અમેરિકા આવવાની પ્રેરણા આપે છે. એ લોકોને અમેરિકા પ્રત્યે ખેંચે છે. એ અમેરિકા આવે એટલે એમને ત્યાં સ્થાયી કરવા માટે બધી સગવડો કરી આપે છે. પટેલો પહેલાં કામ કરવા માટે, નોકરી કરવા માટે, ખેતરોમાં કામ કરવા અમેરિકા જતા હતા એમણે ધીરે ધીરે અમેરિકામાં જે મોટેલનો વ્યવસાય છે એ પોતાના હસ્તગત કરી લીધો. પછી મોટા શહેરોમાં રસ્તાના કિનારે જે નાની નાની મોમ અને પોપની દુકાનો જેમાં સામાન્ય ચીજવસ્તુઓ ચોકલેટ, પીપરમીટ, છાપાઓ વેચાય એ બધું પણ પટેલોએ હસ્તગત કરી લીધું અને ધીરે ધીરે પટેલોએ એટલી બધી પ્રગતિ કરી કે હવે તો અમેરિકાની ફાઈવસ્ટાર હોટેલો, મોટી મોટી હોસ્પિટલો, કોલેજો, મોટા મોટા બિઝનેસો પટેલોએ હસ્તગત કરી લીધા છે.

**એક પટેલ અમેરિકા જાય એટલે એના કુટુંબીજનોને તે અમેરિકા આવવાની સુવિધા કરી આપે છે. એ લોકો માટે પિટિશનો દાખલ કરે છે અને તેમને ત્યાં સ્થાયી કરવા માટે બધી સગવડો કરી આપે છે**

આમ પટેલોની અમેરિકા જવાની ઘેલછા પાછળ આ બધા કારણો છે. અને પટેલોનું પ્રસ્થાન અમેરિકા ભણી અવિરત ચાલુ જ છે. જો તમારે અમેરિકા જવું હોય થોડાં સમય માટે તો તમારે 'નોન ઈમિગ્રન્ટ' વિઝા મેળવવા પડે. આ 'નોન ઈમિગ્રન્ટ' વિઝાના અનેક પ્રકારો છે. તમે જે કામસર અમેરિકા જવા ઈચ્છતા હોવ એ કામ માટે જે પ્રકારના 'નોન ઈમિગ્રન્ટ' વિઝા ઘડવામાં આવ્યા હોય એની જે લાયકાતો નક્કી કરવામાં આવી હોય એ લાયકાતો દર્શાવીને તમારે એ વિઝા મેળવવા પડે. 'નોન ઈમિગ્રન્ટ' વિઝા સામાન્ય રીતે કોઈ કોટાના બંધનોથી સીમિત નથી અને તમે એ તમારા દેશમાં જ જે અમેરિકન કોન્સ્યુલેટ આવેલી છે એમાં અરજી કરીને મેળવી શકો છો. પણ અમુક પ્રકારના જેમ કે 'H-1B', 'L-1', 'P-3' આવા વિઝાઓ જે નોન ઈમિગ્રન્ટ છે એના માટે અમેરિકામાં પિટિશન દાખલ કરવું પડે છે, અમુક કોટાના બંધનોથી જકડાયેલા પણ છે અને એ પિટિશન એપ્રુવ થાય પછી પોતાની જાતને લાયક પુરવાર કરીને એ લોકો તે પ્રકારના નોન ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકે છે.

જો તમારે અમેરિકામાં કાયમ રહેવું હોય તો તમે 'ઈમીજીએટ રિલેટીવ કેટેગરી' હેઠળ 'ઈમિગ્રન્ટ' વિઝા મેળવી શકો છો. આ ઈમીજીએટ રિલેટીવ કેટેગરી હેઠળ અમેરિકન સિટીઝનો એમના માં-બાપને તેમજ પતિ-પત્નીને અમેરિકા કાયમ રહેવા માટે આમંત્રી શકે છે. ઈમીજીએટ રિલેટીવ કેટેગરી હેઠળ જે વિઝા આપવામાં આવે છે એને કોઈ પ્રકારના કોટાના બંધનો નથી.

પછી 4 જુદી જુદી ફેમિલી સ્પોન્સર પ્રેફરન્સ કેટેગરી હેઠળ પ્રાપ્ત થતા 'ઈમિગ્રન્ટ' વિઝા. આની વાર્ષિક સંખ્યા છે 2,26,000. ત્યારબાદ નોકરીના આધારે પણ 'ઈમિગ્રન્ટ' વિઝા મેળવી શકો છો. એની વાર્ષિક સંખ્યા છે 1,50,000. આ ઉપરાંત અમેરિકન સરકાર 55,000 વિઝા લોટરી દ્વારા આપે છે. પણ જે દેશના લોકોએ છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ વાર અમેરિકામાં સ્થળાંતર કર્યું હોય એ દેશના લોકો આ વિઝા લોટરીમાં ભાગ લઈ નથી શકતા. પણ જો તમારો જન્મ અન્ય કોઈ એવા દેશમાં થયો હોય જે દેશના લોકો 'વિઝા લોટરી'માં ભાગ લઈ શકે કે તમે એ દેશના કોઈ પુરુષ કે સ્ત્રી જોડે લગ્ન કર્યા હોય તો જન્મના આધારે કે લગ્નના આધારે પણ તમે 'વિઝા લોટરી'માં ભાગ લઈ શકો છો. તમે રાજકીય આશરો માગીને કે રેફ્યુજી સ્ટેટ્સ પ્રાપ્ત કરીને કે અમેરિકાની મિલેટરીમાં જોડાયને પણ 'ઈમિગ્રન્ટ વિઝા' મેળવીને અમેરિકામાં કાયમ રહી શકો છો.

આ બધા નિયંત્રણો પૂરતા નથી એનાથી કંઈક વધુ સંખ્યામાં એમ કહો કે આનાથી બમણી ત્રણ ગણી સંખ્યામાં પટેલોને તેમજ અન્ય દેશોના લોકોને અમેરિકાના સ્વપ્ના હોય છે આથી તેઓ અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશવાના પ્રયત્નો કરે છે. પટેલો એ અમેરિકાને ખરેખર સમૃદ્ધ બનાવ્યું છે. થોડા વર્ષો પહેલાં અમેરિકન ઈમિગ્રેશન લોયર્સ એસોશિએશનોએ અમેરિકામાં વસતા પટેલોને એમણે અમેરિકાની ઉન્નતિમાં જે ફાળો આપ્યો છે એ માટે એમનું બહુમાન પણ કર્યું હતું. પણ તમે પટેલો હોવ, તમને અમેરિકા જવાની ઈચ્છા હોય તો મહેરબાની કરીને કાયદેસર ત્યાં જજો. કાયદેસર જવાની ઈચ્છા રાખશો તો તમને ત્યાં જવાના અનેક રસ્તા મળી આવશે. ગેરકાયદેસર અમેરિકા જવાનો વિચાર નહીં કરતા, નહીં તો એનું પરિણામ બહુ બૂરું આવશે.

---

# એન્જીયોગ્રાફીના આધારે અગાઉથી હૃદયની બીમારી હોવાનું અનુમાન ન કરી શકાય


**ગ્રાહક મંચ**

★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

એક મહત્ત્વના ચુકાદામાં સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન(મુખ્ય)ના પ્રમુખ ન્યાયાધીશ પી.પી. મેખિયા અને સભ્ય ડૉ. તીર્થશ મહેતાએ એક કેન્દ્ર સરકારના અધિકારીના પિતાની હાર્ટની બીમારીની સારવાર સંબંધિત ક્લેમ એન્જીયોગ્રાફી રિપોર્ટને આધારે વીમેદારને વીમો લેતા અગાઉથી જ હાર્ટની બીમારી હોવાનું અનુમાન કરી નામંજૂર કરવામાં વીમા કંપનીના પક્ષે ગંભીર બેદરકારી અને સેવામાં ક્ષતિ હોવાનું ઠરાવી પોલીસીની શરતો અનુસાર 70 વર્ષની વયના સીનિયર સિટીઝન વીમેદારના ક્લેમમાંથી 30% રકમ કો-પેમેન્ટ તરીકે બાદ કરી રૂ. 6,51,656/-ના ક્લેમની 70% રકમ એટલે કે રૂ. 4.56 લાખ ફરિયાદીને વ્યાજ વળતર સહિત ચૂકવી આપવાનો વીમા કંપનીને આદેશ આપતો હુકમ કર્યો છે.

સુરેશ સિંહે(મૂળ રહેવાસીઃ હરદોઈ, ઉત્તરપ્રદેશ)(ફરિયાદી) એડવોકેટ શ્રેયસ દેસાઈ/ પ્રાચી અર્પિત દેસાઈ/ ઈશાન દેસાઈ મારફત સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્શ્યોરન્સ (સામાવાળા) વિરુધ્ધ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ કરેલ ફરિયાદની વિગતો એવી છે કે, ફરિયાદીએ તાનો Senior Citizens Red Carpet Health Insurance Policy તરીકે ઓળખાતો વીમો રૂ.10 લાખનો સામાવાળા નં.(1) વીમાકંપની કનેથી લીધેલો. મજકૂર વીમો સૌ પ્રથમ સન 2021ની સાલમાં સામાવાળાએ માંગ્યા મુજબનું પ્રીમિયમ ચૂકવીને લેવામાં આવેલો. મજકૂર વીમો અમલમાં હતો તે દરમ્યાન જૂન-2022ના અરસામાં ફરિયાદી ઉત્તરપ્રદેશથી શહેર સુરત મુકામે આવેલ પોતાના પુત્રના ઘરે થોડા સમય રોકાવા આવ્યા હતા ત્યારે ફરિયાદી શ્વાસોચ્છવાસમાં તકલીફ જણાતાં શહેર સુરત મુકામે આવેલ મહાવીર હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં ડૉ. અતુલ અભ્યંકરની સલાહ અનુસાર તા. 05/07/2022 ના રોજ ઈન્ડોર પેશન્ટ તરીકે એડમીટ થયેલ. જ્યાં ડૉ. અતુલ અભ્યંકરે હમો ફરિયાદીના જરૂરી ટેસ્ટ કરાવીને ફરિયાદીને Accute Corronary Syndrom (હાર્ટની બીમારી) હોવાનું નિદાન કરેલું. તથા ફરિયાદીની એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી કરવામાં આવેલ અને જરૂરી ટ્રીટમેન્ટ પણ આપવામાં આવેલ. ત્યાર બાદ હમો ફરિયાદીને તા. 08/07/2022 ના રોજ મજકૂર હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલી.

ઉપરોક્ત હોસ્પિટલાઈઝેશન, ટ્રીટમેન્ટ, દવાઓ, વગેરે માટે થઈને ફરિયાદીને કુલ ખર્ચ રૂ. 6,51,656/-થયેલો. જેથી ફરિયાદીએ સામાવાળા વીમાકંપનીનું નિયત ક્લેમ ફોર્મ ભરીને સામાવાળા નં.(1) વીમાકંપની સમક્ષ ક્લેમ કરેલો.




**70 વર્ષના વીમેદારના ક્લેમમાંથી 30% રકમ કો-પેમેન્ટ તરીકે બાદ કરી ક્લેમની 70% રકમ ફરિયાદીને વ્યાજસહિત ચૂકવી આપવાનો વીમા કંપનીને આદેશ આપતો હુકમ કર્યો છે**

સામાવાળાઓ હમો ફરિયાદીનો ઉપરોક્ત સાચો અને વાજબી ક્લેમ મંજૂર કરવા જવાબદાર અને બંધાયેલા હતા અને છે, આમ છતાં સામાવાળા દ્વારા તા. 08/08/2022 ના રોજનો પત્ર ફરિયાદીઓને આપેલ. જેમાં ફરિયાદીનો એન્જીયોગ્રાફી(CAG)નો રિપોર્ટ જોતા ફરિયાદીને લાંબા સમયથી હૃદયની બીમારી હોવાનો વીમાકંપનીની મેડિકલ ટીમે અભિપ્રાય આપેલ હોવાથી એટલે કે વીમો લેતા અગાઉથી ફરિયાદીને હાર્ટની બીમારી અસ્તિત્વમાં હોવાનો વીમાકંપનીની મેડિકલ ટીમનો અભિપ્રાય હોવાથી ક્લેમ નામંજૂર કરવામાં આવે છે તેમ જણાવેલું. જેથી ફરિયાદીએ ગ્રાહક અદાલતમાં ફરિયાદ કરેલી.

ફરિયાદી તરફે દલીલો કરતા એડવોકેટે ગ્રાહક કમિશન સમક્ષ જણાવેલ હતું કે જો સામાવાળાની કહેવાતી મેડિકલ ટીમ એવો અભિપ્રાય ધરાવતી હોય કે ફરિયાદીને હૃદયની બીમારી વીમો શરૂ થયા પહેલાંની હતી; તો એવા કહેવાતા અભિપ્રાયના સમર્થનમાં સામાવાળા વીમાકંપની કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરી શક્યા નથી. વધુમાં, સામાવાળા વીમાકંપનીએ તેવી કહેવાતી મેડિકલ ટીમના સભ્યોનાં નામ કે ક્વોલિફિકેશનની વિગત પણ જણાવી નથી. જે સંજોગોમાં કહેવાતી મેડિકલ ટીમના કહેવાતા અભિપ્રાયનું કોઈ મહત્ત્વ નથી. વધુમાં, ફરિયાદીને ડાયાબિટીસ અને હાઈપરટેન્શન સિવાય બીજી કોઈ બીમારી અગાઉથી ન હોવા બાબતનું તબીબી પ્રમાણપત્ર પર ફરિયાદી તરફે રજૂ કરાવેલ છે. જે સંજોગોમાં ક્લેમ મળવાપાત્ર હોવાની રજૂઆતો કરેલ હતી.

સુરત ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)ના પ્રમુખ ન્યાયાધીશ પી. પી. મેખીયા અને સભ્ય ડો. તીર્થેશ મેહતાએ પોતાના હુકમમાં ફરિયાદીની ફરિયાદ અંશતઃ મંજૂર કરતો હુકમ કર્યો હતો પરંતુ ફરિયાદીની ઉંમર 70 વર્ષથી વધુ હોવાથી પોલીસીની શરતો અનુસાર ક્લેમની રકમના 30% રકમની કપાત કો-પેમેન્ટ તરીકે ભોગવવા વીમેદાર જવાબદાર હોવાથી ક્લેમની રકમ રૂ.6,51,656/- માંથી 30% કો-પેમેન્ટની રકમ બાદ કરીને બાકીની રકમ (એટલે કે રૂ.4.56 લાખ) વાર્ષિક 8% વ્યાજ સાથે તેમ જ વળતર અને ખર્ચ માટે બીજા કુલ રૂ. 20,000/- સહિત ફરિયાદીને ચૂકવી આપવાનો આદેશ આપતો હુકમ કર્યો છે.

## : કેન્ડલ લાઈટ :

જીવનમાં કદી સ્મિતની સામે નથી જોતાં,
છે જેમને, સંગાથમાં રડવાની મજા યાદ.
- 'સૈફ' પાલનપુરી